# ઉનાળુ બાજરીની સફળ ખેતી



નામ : ગણેશભાઈ તળશીભાઈ ડાભી

ગામ : જશાપર ઉંમર : ૫૩ વર્ષ

તાલુકો : મુળી અભ્યાિસ : ધોરણ ૪ પાસ

જિલ્લોઃષ સુરેન્દ્રળનગર ખેતી અને પશુપાલન : ૪૦ વર્ષથી

સુરેન્દ્રરનગર જીલ્લા ના મુળી તાલુકાના જશાપર ગામે રહેતા ગણેશભાઈ તળશીભાઈ ડાભી એ પોતાના દ્રઢ સંકલ્પ, પુરુષાર્થ અને આગવી કોઠાસુઝ દ્વારા ઉનાળુ બાજરીની સફળ ખેતી કરી પોતાના કુટુંબને આર્થિક તેમજ સામાજિક રીતે ઉંચુ સ્થાપન અપાવ્યુંક છે. પહેલા તેઓ ચીલાચાલુ ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવતા. ત્યાતરબાદ તેઓ આત્માઅ યોજનામાં જોડાયા અને તાલીમ તથા પ્રેરણા પ્રવાસ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, નાના કાંધાસર ખાતે વૈ જ્ઞાનિકો પાસેથી ખેતી વિશે વિવિધ જાણકારી મેળવી તેમજ પોતાની બુધ્ધિઆને કામે લગાડી પોતે જ કૃષિ યુનિવર્ષિટીની ભલામણ કરેલ પધ્ધવતિ મુજબ ખેતી કરવા લાગ્યાબ.વધુમા તેમણે બાજરીના પાકમા પિયત માટે ટપક પિયત પધ્ધ તિ અપનાવી જેનાથી નિંદામણ અને રોગ જીવાંતની સમસ્યાજ ખુબ ઓછી થઈ ગઈ. જેથી તેમનો ખેતી ખર્ચ ખુબ ઘટી ગયો અને ઉત્પાયદન વધારે મળ્યુગ જેનાથી તેમનો ખેતીનો ચોખ્ખો નફો વધારે મળ્યોલ.

ગાંધીજીએ કહયું હતું કે મારા સપનાનું ભારત , "મારા ગામડાનો કિશાન આત્મ નિર્ભર અને સમૃધ્ધં બને" તે છે. આમ જશાપર ગામના ગણેશભાઈ ગુજરાતના એક પ્રગતિશીલ ખેડુત બની વૈજ્ઞાનિક અભિગમ અપનાવી ખેડુતોને પ્રેરણા પુરી પાડી રહયા છે. આ સિધ્ધીપ બદલ તેઓને આત્માી પ્રોજેકટ દ્વારા આપવામા આવતો બેસ્ટ આત્માર ફાર્મર એવોર્ડ પણ મેળવેલ છે. સાથે સાથે ગાંધીજીના એ સપનાને પણ સાકાર કરવામાં ડગ માંડી રહયા છે.







સાદી પધ્ધાતિ મુજબ :

| અ.નં. | પાકનું નામ | ઉત્પાદન(કિ.ગ્રા/હે) | આવક(રૂ.) | ખર્ચ(રૂ.) | ચોખ્ખોપ નફો(રૂ) |
|---|---|---|---|---|---|
| ૧ | ઉનાળુ બાજરી | ૨૧૦૦ | ૨૭૦૦૦/- | ૭૦૦૦/- | ૨૦,૦૦૦/- |

વૈજ્ઞાનિક પધ્ધેતિ મુજબ :

| અ.નં. | પાકનું નામ | ઉત્પાદન(કિ.ગ્રા/હે) | આવક(રૂ.) | ખર્ચ(રૂ.) | ચોખ્ખોન નફો(રૂ) |
|---|---|---|---|---|---|
| ૧ | ઉનાળુ બાજરી | ૨૫૦૦ | ૩૧૫૦૦/- | ૬૫૦૦/- | ૨૫,૦૦૦/- |